# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી ખરડાને વધુ ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલ્યો.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે હૈદરાબાદ નજીક બોલારુમ ખાતે રાષ્ટ્રપતિ નિલયમ ખાતે અનેક નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કરશે.
3) લોકસભાએ ચાલુ નાણાકીય વર્ષ માટે અનુદાન માટેની પૂરક માંગણીઓની પ્રથમ બેચને મંજૂરી આપી.
4) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ આજે બેઇજિંગમાં ભારત-ચીન વિશેષ પ્રતિનિધિઓની મંત્રણામાં ભાગ લેશે.
5) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ખેડૂતોને જંતુનાશકની હાનિકારક અસરોથી બચાવવા ખાસ તૈયાર કરાયેલ કિસાન કવચ સૂટનું વિમોચન કર્યું.
6) T-20 આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટની બીજી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ભારતને નવ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણી 1-1 થી બરાબર કરી.

## ***ONOE---JPC***

**સરકારે એક રાષ્ટ્ર એક ચૂંટણી ખરડાને વધુ ચર્ચા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલ્યો છે.**

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લોકસભામાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે સૂચન કર્યું હતું કે વિધેયકને જેપીસીને મોકલવું જોઈએ કારણ કે તેના પર દરેક સ્તરે વિગતવાર ચર્ચા થવી જોઈએ.

જેપીસી એ ચોક્કસ વિષય અથવા વિધેયકની સંપૂર્ણ તપાસ કરવા માટે સંસદ દ્વારા સ્થપાયેલી એડહોક સમિતિ છે. તેમાં બંને ગૃહો તેમજ શાસક અને વિરોધ પક્ષોના સભ્યોનો સમાવેશ થાય છે. જો કે, જેપીસીના સભ્યોની સંખ્યા અને રચના મર્યાદિત નથી. પરીક્ષણ પૂર્ણ થયા બાદ જેપીસીનું વિસર્જન કરવામાં આવે છે. જેપીસીની ભલામણો સલાહકારી છે અને સરકારે તેના નિર્ણયનું પાલન કરવું જરૂરી નથી. સમિતિ નિષ્ણાતો પાસેથી પુરાવા એકત્ર કરી શકે છે અને જાહેર સંસ્થાઓ, સંગઠનો, વ્યક્તિઓ અને અન્ય રસ ધરાવતા પક્ષકારોની સલાહ પણ લઈ શકે છે.

.................

## *PRESIDENT--SOJOURN*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે હૈદરાબાદ નજીક બોલારુમ ખાતે રાષ્ટ્રપતિ નિલયમ ખાતે અનેક નવી સુવિધાઓનું ઉદ્ઘાટન કરશે. રાષ્ટ્રપતિ મુર્મુ ગત સાંજે નિલયમ પહોંચ્યા હતા. નવી સુવિધાઓમાં મુલાકાતીઓની નવી સુવિધા માટે મકાનનો અને ખાસ દુકાનનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ નિલયમ ખાતે હાથ ધરવામાં આવેલી વિવિધ વિકાસ પહેલનો શિલાન્યાસ પણ કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ શુક્રવારે કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટ CDM સિકંદરાબાદમાં પ્રેસિડેન્ટ કલર્સ રજૂ કરશે. 1970 માં સ્થપાયેલ, સીડીએમની સ્થાપના વરિષ્ઠ લશ્કરી નેતાઓને માત્ર લડાઇ કામગીરીમાં જ નહીં, પરંતુ આધુનિક યુદ્ધના વ્યવસ્થાપક અને વ્યૂહાત્મક આયોજન પાસાઓમાં પણ નિપુણ બનાવવા માટે એક જ હેતુ સાથે કરવામાં આવી હતી. જે ભારતીય સશસ્ત્ર દળોમાં લશ્કરી નેતૃત્વ અને વ્યવસ્થાપન કુશળતાના વિકાસ માટે પાયાનું કામ કરે છે. કલર પ્રેઝન્ટેશન સીડીએમના ઉત્ક્રાંતિમાં એક

ઐતિહાસિક પ્રકરણને જોડશે અને સંરક્ષણમાં વ્યવસ્થાપન શિક્ષણ માટે અગ્રણી સંસ્થા તરીકે તેની સ્થિતિને મજબૂત કરશે. રાષ્ટ્રપતિ કાર્યાલય આ મહિનાની 21મી સુધી પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ નિલયમથી કાર્ય કરશે.

.................

## *LS-DEMANDS-OF-GRANTS*

લોકસભાએ ચાલુ નાણાકીય વર્ષ માટે અનુદાન માટેની પૂરક માંગણીઓની પ્રથમ બેચને મંજૂરી આપી.

સરકારે રૂ. 87 હજાર સાતસો બાંસઠ કરોડથી વધુના કુલ વધારાના ખર્ચને અધિકૃત કરવા માટે સંસદની મંજૂરી માંગી હતી. નાણાકીય વર્ષ 2024-25 ની સેવાઓ માટે ભારતના સંકલિત ભંડોળમાંથી ચોક્કસ વધુ રકમ એકત્ર કરવા અને ચૂકવણીને અધિકૃત કરવા માટે ગૃહ વિનિયોગ વિધેયક માટે પણ સંમત થયા છે.

ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. તે છેલ્લા ત્રણ વર્ષમાં 8.3 ટકાનો વૃધ્ધિ દરનો સાક્ષી રહ્યો છે.

.................

## *DOVAL-CHINA-TALKS*

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ આજે બેઇજિંગમાં ભારત-ચીન વિશેષ પ્રતિનિધિઓની મંત્રણામાં ભાગ લેશે.

આ વાતચીતનો ઉદ્દેશ્ય પૂર્વ લદ્દાખમાં સૈનિકોની તૈનાતીને કારણે છેલ્લા ચાર વર્ષથી વણસેલા દ્વિપક્ષીય સંબંધોને પુનઃસ્થાપિત કરવાનો છે. શ્રી ડોભાલ ચીનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને વિદેશ મંત્રી વાંગ યી સાથે વિશેષ પ્રતિનિધિ સ્તરની મંત્રણાનો 23મો રાઉન્ડ યોજશે.મંત્રણામાં , પેટ્રોલિંગ સંબંધિત 21 ઓક્ટોબરના કરાર

મુજબ પૂર્વી લદ્દાખમાંથી સૈનિકો પાછા ખેંચવા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર વ્યાપક ચર્ચા થવાની અપેક્ષા છે.

આ મહત્વપૂર્ણ વાતચીત પહેલા ચીને ગઈકાલે કહ્યું હતું કે તે 24 ઓક્ટોબરે રશિયાના કઝાન ખાતે બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની બેઠક દરમિયાન સંમત થયેલી પ્રતિબદ્ધતાઓને લાગુ કરવા માટે ભારત સાથે કામ કરવા માટે ઉત્સુક છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને પ્રતિનિધિની મંત્રણા વિશે પત્રકારોને કહ્યું કે ચીન પરસ્પર મતભેદોને સંપૂર્ણ તત્પરતાથી ઉકેલવા માંગે છે.

.................

## *SINGH-KISAN-KAVACH*

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ગઈ કાલે નવી દિલ્હીમાં ખેડૂતોને જંતુનાશકોની હાનિકારક અસરોથી બચાવવા માટે ખાસ તૈયાર કરાયેલ કિસાન કવચ સૂટનું વિમોચન કર્યું હતું.

જંતુનાશકોના સંપર્કમાં આવવાથી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે, જેમાં શ્વસન સમસ્યાઓ અને આંખને નુકસાન થાય છે. ડૉ.સિંઘે કહ્યું કે આ જંતુનાશક વિરોધી પોષાક ખેડૂતોની સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આવા પગલાઓ વડે સરકાર માત્ર ખેડૂતોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહી નથી પરંતુ આબોહવા-મૈત્રીપૂર્ણ કૃષિ અને ટકાઉ વિકાસને પણ પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રસંગે ખેડૂતોને કિસાન કવચ સૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર

માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

## *INDIA-NEPAL-STARTUP-SUMMIT*

કાઠમંડુમાં ભારત-નેપાળ સ્ટાર્ટઅપ સમિટ 2024નો પ્રારંભ થયો છે.

આ પરિષદ બંને દેશો વચ્ચે સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને નીતિ નિર્માતાઓને એકસાથે લાવશે. પરિષદનો ઉદ્દેશ સ્ટાર્ટઅપ્સને નેટવર્ક માટે પ્લેટફોર્મ પૂરું પાડવા, તેમના વિચારો રજૂ કરવાનો અને વૃદ્ધિ અને રોકાણની તકો શોધવાનો છે. પરિષદ માં મુખ્ય પ્રવચનો, પેનલ ચર્ચાઓ, સત્રો અને નેટવર્કિંગની તકોનો સમાવેશ થાય છે.

ઈન્ડિયા-નેપાળ સેન્ટર PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કો-ચેરમેન કમલેશ જૈને જણાવ્યું હતું કે વિકાસશીલ દેશ તરીકે નેપાળ બેરોજગારી, વિદેશી સહાય પર નિર્ભરતા અને વેપાર ખાધ જેવા વિવિધ પડકારોનો સામનો કરે છે. તેમણે કહ્યું કે સ્ટાર્ટઅપ્સ આ પડકારોનો સામનો કરવા માટે આશાના કિરણ સમાન છે.

સ્ટાર્ટઅપ્સ નોકરીઓનું સર્જન કરે છે, આવક પેદા કરે છે અને અર્થતંત્રમાં વૈવિધ્ય લાવે છે. તે નવીન વિચારોને આગળ ધપાવે છે જે વ્યવસાયો શરૂ કરવા તરફ દોરી જાય છે જે જીડીપી વૃદ્ધિમાં ફાળો આપે છે અને પરંપરાગત ઉદ્યોગો અને કૃષિ પરની આપણી નિર્ભરતા ઘટાડવામાં મદદ કરે છે.

.................

## *INDIAN NAVY*

ભારતીય નૌકાદળના પૂર્વ કમાન્ડર  અને ભારતીય કોસ્ટ ગાર્ડ વચ્ચે 12મી કમાન્ડ સ્તરની બેઠક વિશાખાપટ્ટનમ ખાતે યોજાઈ હતી.

ઉચ્ચ-સ્તરીય ચર્ચાઓની કાર્યસૂચિમાં સંયુક્ત તાલીમ, કામગીરી અને સંદેશાવ્યવહાર દ્વારા આંતરસંચાલનક્ષમતા વધારવા, દરિયાઈ સુરક્ષા માળખાને મજબૂત કરવા માટે માહિતીની આપલે અને દરિયાઈ આકસ્મિક પરિસ્થિતિઓને પ્રતિસાદ આપવા માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓ (SOPs)નો સમાવેશ થતો હતો.

વાઈસ એડમિરલ સમીર સક્સેના, ચીફ ઓફ સ્ટાફ, નેવીના ઈસ્ટર્ન કમાન્ડ અને કોસ્ટ ગાર્ડના ઈસ્ટર્ન કમાન્ડના એડિશનલ ડાયરેક્ટર જનરલ ડોની માઈકલ આ બેઠકની સહ-અધ્યક્ષતા કરી હતી.

.................

## *WOMENS-CRICKET--IND-VS-WI*

T-20 આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટની બીજી મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ભારતને નવ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણી 1-1થી બરાબર કરી લીધી છે. આ મેચ ગઈકાલે રાત્રે નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમમાં રમાઈ હતી. વેસ્ટ ઈન્ડિઝે 26 બોલ બાકી રહેતા 160 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. કેપ્ટન હેલી મેથ્યુઝ 85 રન બનાવીને અણનમ રહી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

આ પહેલા વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને ભારતને બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. ભારતે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટે 159 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝની ટીમે ત્રણ આંતરરાષ્ટ્રીય ટી-20 અને ત્રણ વનડે મેચ રમવાની છે.

આવતીકાલે ત્રીજી અને અંતિમ ટી20 મેચ રમાશે જ્યારે વનડે મેચ 22, 24 અને 27 ડિસેમ્બરે રમાશે.

.................

## *CRICKET TEST MATCH*

બ્રિસ્બેનમાં રમાઇ રહેલી ત્રીજી ટેસ્ટના આજના પાંચમા અને અંતિમ દિવસે વરસાદના કારણે રમત અટકાવી દેવી પડી હતી..

આ મેચ બંધ થતા અગાઉ ભારત 260 રન બનાવીને ઓલ આઉટ થઇ ગયું હતું.. આકાશદિપ 31 રન બનાવીને આઉટ થયો હતો.. આકાશદિપની વિકેટ પડતા જ વરસાદ વરસતા રમત બંધ રહી હતી..જસપ્રિત બૂમરાહ દસ રને અણનમ રહ્યો હતો.. વરસાદને કારણે હાલમાં લંચ બ્રેક જાહેર કરી દેવાયો હતો.. અગાઉ ઓસ્ટ્રેલિયાએ 445 રન કર્યા  હતા જેના જવાબમાં ભારત 260 રનમાં ઓલ આઉટ થતા ઓસ્ટ્રેલિયાને 185 રનની સરસાઇ મળી છે. આજે મેચનો છેલ્લો દિવસ છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

## સિમ્પલ ઠક્કર

- આજના મોટાભાગના અખબારોમાં વન નેશન વન ઇલેક્શન બીલ લોકસભામાં વિરોધ વચ્ચે પસાર થયુ હતુ તેના સમાચાર પ્રથમ પેજ ઉપર અલગ અલગ શિર્ષક સાથે જોવા મળી રહ્યાં છે.આ ઉપરાંત ઇઝરાયેલનો સિરિયા ઉપર બોમ્બથી હુમલો તેમજ સેન્સેક્સમાં મોટા કડાકાના સમાચાર પણ અખબારોના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કર, સંદેશ અને નવગુજરાત સમયે વિપક્ષોના વિરોધ વચ્ચે  વન નેશન વન ઇલેક્શનના બિલ પાસ થવાના સમાચાર મુખ્ય બનાવ્યા છે. બંધારણમાં કોંગ્રેસે અત્યાર સુધીના જે જે સુધારા કર્યા હતા તેને પણ બોક્સ સ્વરૂપે દરેક અખબારે પ્રકાશિત કર્યા છે.
- યુએસની કંપનીઓને ભારતમાં લાંચ બદલ રૂ.1900 કરોડનો દંડના મથાળા હેઠળ ગુજરાત સમાચારે  તમામ અખબારોથી અલગ સમાચાર બનાવ્યાં છે.

- સ્થાનિક અને રાજ્યના સમાચારમાં તમામ ગુજરાતી અખબારોએ છેલ્લાપેજ ઉપર બે હજાર રૂપિયા લઇને PMJAY યોજનામાં કાર્ડ બનાવવાના આચરવામાં આવેલા કૌભાંડના આરોપીઓની ધરપકડના સમાચાર પ્રસિધ્ધ કર્યા છે. જ્યારે એશિયાની સૌથી મોટી એપીએમસીની ચૂટંણીના પરિણામોના સમાચાર પણ દરેક અખબારોના છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- આ ઉપરાંત દરેક અખબારોએ સ્પોર્ટ્સ પેજ ઉપર ભારતના છેલ્લા બે બેટ્સમેનોની લડાયક રમતનાકારણે ભારત ઓસ્ટ્રેલિયા સામે બ્રિસ્બેન ટેસ્ટમાં ફોલોન થતું બચ્યુ હોવાના સમાચાર પણ બધા જ અખબારોએ છાપ્યાં છે..

--------------